# મોડાસાના પાર્લરમાંથી અમૂલ બ્રાન્ડના નામે નકલી ઘીના વેચાણનો પર્દાફાશ

## આરઆરસેલ ગાંધીનગર અને અમૂલ ડેરી ફેડરેશનના અધિકારીઓની ટીમે દરોડો પાડ્યો

મોડાસા, તા. ૧૯

સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં લોકોના આરોગ્ય સાથે ચેડા થાય તે રીતે અસલી ખાદ્યપદાર્થોના નામે નકલી ખાદ્યપદાર્થોનું મોટાપાયે વેચાણ કરી કેટલાક લેભાગુ વેપારીઓ લોકોની જીંદગી સાથે રીતસર ખેલ રમી રહ્યા છે. મોડાસા શહેરના ધુણાઈ માતાના મંદિર નજીક આવેલા એક પ્રોવિઝન અને પાર્લરમાં અમુલ બ્રાન્ડના નામે નકલી ઘી વેચી શહેરીજનોના આરોગ્ય સાથે ચેડા થતા હોવાની ફરિયાદ આરઆરસેલ ગાંધીનગરને મળતા આરઆરસેલના પી.એસ.આઈ. વિરલ પટેલ તેમની ટીમ અને અમુલ ફેડરેશનના અધિકારીઓ સાથે રાખી રેઈડ કરતા પ્રોવિજન એન્ડ પાર્લરમાં અમુલ બ્રાન્ડ ધરાવતી અને અસ્સલ અમુલ ઘીના પાઉચ જેવા અસ્સલ પાઉચમાં જ નકલી ઘી વેચાતુ હોવાનું ગાંધીનગર ફેડરેશન લીમીટેડ)ના અધિકારીઓએ નકલી ઘી હોવાનું જણાતા અમુલ નકલી બ્રાન્ડના ઘીના ૫૦૦ મીલીના ૨૦ પાઉચનો જથ્થો લીમીટેડ અમુલ બ્રાન્ડ અને ટ્રેડમાર્ક તેમજ એગમાર્કનો કાયદેસર રીતે મંજુરી વગર તેની બ્રાન્ડ નામનો ઉપયોગ કરી નકલી ઘી બનાવી શુદ્ધ ઘીનો જથ્થો ભરી અસલ તરીકે બનાવટી ઘી ગ્રાહકોને વેચાણ કરી ગ્રાહકો સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કરાતા અલ્પેશ પટેલ અને પ્રવીણ પટેલની ધરપકડ કરી ગુન્હો નોંધી રસીકલાલ (રહે. ડીસા)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



બાલાજી પ્રોવિઝન એન્ડ પાર્લર નામની દુકાનમાંથી નકલી ઘીના અમુલ બ્રાન્ડના પાઉચનો જથ્થો મળી આવતા મોડાસા ટાઉનમાં બે વેપારી સહિત અન્ય એક આરોપી સામે ફરિયાદ દાખલ કરી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

મોડાસા શહેરના જલદીપ સોસાયટી નજીક આવેલા બાલાજી આરઆરસેલને ફરિયાદ મળતા તેમની ટીમે અને અમુલ ફેડરેશનના અધિકારીઓ સાથે ગુરૂવારે સાંજના સુમારે છાપો મારતા અમુલ બ્રાન્ડના અસલી ઘીના પાઉચ અને પાર્લરમાંથી મળી આવેલા પાઉચની બેચનંબર અલગ પડતા બેચ નંબરના આધારે અને ક્વોલેટી કન્ટ્રોલ વિભાગ (ગુજરાત કો.ઓ. મીલ્ક માર્કેટીંગ સીઝ કરી બાલાજી પ્રોવિઝન એન્ડ પાર્લરના માલીક અપ્લેશકુમાર શંકરલાલ પટેલ (૨૦, જલદીપ સોસા., મડાસા) પ્રવીણ દેવચંદ કલાલ (રહે. મટેરા, તા. ખેરવાડા, ઉદેપુર રાજસ્થાન) તેમજ રસીકલાલ (રહે. ડીસા) વિરૂદ્ધ ગુજરાત કો. ઓપ. મીલ્ક માર્કેટીંગ ફેડરેશન

### અમૂલ ૫૦૦ એમએલ નકલી ઘીની પેટી અસલી કરતા ૭૦૦ રૂપિયા ઓછા ભાવે મળતા પ્રજાજનોના આરોગ્ય સામે ખીલવાડ

અમુલ ઘીના બ્રાન્ડેડ પાઉચમાં અસલી ઘીના પાઉચ કરતા બનાવટી ઘી બજારમાં વેચાઈ રહ્યું છે. અમુલના ડિસ્ટ્રીબ્યુટર્સના હોલસેલ ભાવ કરતા ૭૦૦ રૂ. ઓછા ભાવે ૫૦૦ એમએલ અમુલ ઘીના અસલી બ્રાન્ડા પાઉચમાં બનાવટી ઘીનો ગેરકાયદેસર વેપલો ચલાવતા ઘી માફીયાઓ દ્વારા લાલચુ વેપારીઓને ટાર્ગેટ બનાવી ઉંચા નફાની લાલચમાં વેપારી દ્વારા મોડાસાના શહેરીજનોના આરોગ્ય સામે ચેડા કરતા પ્રજાજનોમાં ભારે ફીટકાર વરસ્યા છે. પાર્લરની આજુબાજુની રહેણાંક સોસાયટીમાં રહેતા રહીશો કે જેમને આ પાર્લરમાંથી ઘી ખરીદી કરી શરીર તંદુરસ્ત બનાવવા આરોગ્યુ છે. તેઓ નકલી ઘી વેચાતુ હોવાનુ જાણ્યા પછી બીમારીમાં તો નહિ સપડાયને તેવી ચિંતા ઘર કરી ગઈ છે.

# પાલનપુરના પોલીસકર્મીઓ હવે ગુલ્લી નહી મારી શકે

## પાલનપુરમાં રાત્રી દરમિયાન પોલીસતંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાજરી પુરવા માટે 'બાયોમેટ્રીક ગાર્ડ પેટ્રોલ સિસ્ટમ' અમલી

પાલનપુર, તા. ૧૯

સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓ અગાઉ રજિસ્ટરમાં સહી કરે ત્યારે હાજરી માન્ય ગણવામાં આવતી હતી. જોકે વિજ્ઞાન અને ટેકનોલોજી થકી આવેલા ઉપકરણોથી હવે ફિંગર પ્રિન્ટ દ્વારા હાજરી પુરાઈ જાય છે. ખાનગી કંપનીઓ ઉપરાંત સરકારી કચેરીઓમાં હવે આ પદ્ધતિનો ઉપયોગ થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જિલ્લાના રાત્રી દરમિયાન પોલીસતંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓની હાજરી પુરવા માટે 'બાયોમેટ્રીક ગાર્ડ પેટ્રોલ સિસ્ટમ' અમલી બનાવાઈ છે. પાલનપુરના પૂર્વ અને પશ્ચિમ પોલીસમથકમાં આ સિસ્ટમ લાગુ કરી દેવામાં આવી છે. જુદા જુદા ૪૦ ઉપરાંત પોઈન્ટ ઉપર કનેકેક્ટીવીટી મશીન લગાવવામાં આવ્યા છે. જેથી પોલીસકર્મીઓ હવે રાત્રે ગુલ્લી નહી મારી શકે. પોલીસ કર્મચારીને આપેલા ઈ-બીટ નાઈટ પેટ્રોલીંગ હાજરીકાર્ડમાં કર્મચારીનું નામ, હોદ્દો, પોલીસ સ્ટેશનનું નામ તેમજ પોલીસ કંટ્રોલ રૂમનો ફોન નંબર અંકિત કરાયો છે.



પાલનપુર પૂર્વ-પશ્ચિમના તમામ પોલીસ કર્મચારીઓનએ ઈ-બીટ નાઈટ પેટ્રોલીંગ કાર્ડ અપાયા છે. જેઓ પોલીસ મથકે પોતાનો પોઈન્ટ (ફરજનું સ્થળ) લખાવ્યા બાદ બાયોમેટ્રીક મશીનમાં પોતાની ફિંગર પ્રિન્ટ આપવાની રહેશે. જ્યાંથી પોઈન્ટના સ્થળે ગયા બાદ પોલીસ અધિકારી ચેકીંગમાં નીકળે ત્યારે બાયોમેટ્રીક ઈએસએસએલ મશીન સાથે કર્મચારીના ઈ-મેટ્રીક કાર્ડને કનેક્ટ કરવામાં આવે છે. જેથી સાંકેતીક લાઈટ થાય છે. જે બાદ નોકરીનો સમય પુરો થાય એટલે કર્મચારીએ પોલીસ મથકે જઈ પુનઃ ફિંગર પ્રિન્ટ આપવાની સાથે તેની હાજરીની પ્રોસેસ પુરી થાય છે. જે રિપોર્ટ જિલ્લા પોલીસવડા સમક્ષ મોકલવામાં આવે છે.

# મેઘરજ-મોડાસા માર્ગ પર રીક્ષા પલ્ટી ખાતા એકનું મોત : બે ને ઈજા

ઈસરી, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ મોડાસા રોડ પર જીઈબી પાસે અચાનક રીક્ષાચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતાં રીક્ષા પલટી મારતાં રીક્ષા ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું જ્યારે અંદર બેસેલા બે ઈસમોને શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

મેઘરજ તાલુકાના વાઘમહુડી ગામના કમજીભાઈ ઉર્ફે જગદિશભાઈ સળુભાઈ નિનામા તથા તેમની પત્નિ સીતાબેન બંને જણા તેમની પોતાના ઘરે કરીયાણાની દુકાન ચાલતી હોઈ મેઘરજ ખાતે દુકાનનો માલસામાન લેવા સારૂ આવેલ હતા અને આશરે રાત્રીના આઠ વાગ્યાના અરસામાં દુકાનનો માલ સામાન લઈ પરત પોતાના ગામ વાઘમહુડી જઈ રહ્યા હતા તે દરમિયાન મેઘરજ ઘેલીમાતાથી આગળ જીઈબી પાસે વળાંકમાં લોડીંગ રીક્ષા ચાલકે પોતાના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા અચાનક રિક્ષા રોડ સાઈડના ખાડામાં પલટી ખાઈ જતા રીક્ષાચાલક કમજીભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે તેમનું કમકમાટીભર્યુ મોત થયું હતું. તેમજ તેમની રીક્ષામાં બેઠેલ તેમની પત્નિ સીતાબેન તથા અન્ય એક ઈસમને



શરીરે નાની મોટી ઈજાઓ પહોંચતા તેઓને તાત્કાલિક મેઘરજ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને કમજીભાઈના મૃત દેહને પી.એમ. માટે મોકલી આપવામાં આવ્યો હતો તે સંદર્ભે મેઘરજ પોલીસે ઈપીકો કલમ ૨૭૯, ૩૦૪અ, ૩૩૭ તથા એમ.વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભિલોડામાં વીજ કરંટ લાગતા યુવાનનું મોત

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં સ્ટ્રીટ લાઈટો લગાવવાનું કામકાજ છેલ્લા પંદરેક દિવસથી જોરશોરથી ચાલી રહ્યું છે ત્યારે આ વીજ સ્ટ્રીટ લાઈટો ઉભી કરવાનો કામકાજ ચાલતું હોઈ જેમાં બનારસ ઉત્તર પ્રદેશના કારીગરો ધ્વારા કામકાજ ચાલી રહ્યું છે. તા.૧૮/૨/૧૬ ના રોજ રાત્રે ૮ વાગ્યાના સુમારે ભિલોડા ટાઉનમાં હાથમતી નદીના બ્રીજ પાસે સ્ટ્રીટ લાઈટનું કામકાજ ચાલતું હતું ત્યારે જાણવા મળેલ છે કે થાંભલો ઉભો કરતી વખતે બાજુમાં જતી લાઈન થાંભલા સાથે ટચ થતાં પટેલ રાકેશભાઈ રાજાભાઈ, ઉંમર. આશરે વર્ષ-૩૫નાઓને વીજ કરંટ લાગતાં નીચે પટકાઈ જતાં તેઓને સારવાર માટે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર અર્થે હિંમતનગરની સીવીલ હોસ્પિટલમાં મોકલેલ હતા ત્યાં સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી જવા પામી હતી.

### હિંમતનગરના શારદાકુંજમાંથી એક્ટીવા ચોરાયું

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરની શારદાકુંજ સોસાયટીમાંથી બુધવારે બપોરના સુમારે ગઠીયો સોસાયટીના રહીશ રમેશભાઈ રેવાભાઈ તિરગરનું ઘર આગળની ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલું એક્ટીવા નં. જીજે.૦૯.સીએલ.૯૨૫૦ની ચોરી કરી ભાગી છુટ્યો હતો. રૂ. ૨૦ હજારની કિંમતના વાહનચોરી અંગે રહીશે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વાહન ચોરીનો ગુનો દર્જ કર્યો હતો.

# વડગામ પીએસઆઈને સસ્પેન્ડ કરો નહીતર બુધવારે બનાસકાંઠા બંધનું એલાન અપાશે : અલ્પેશ ઠાકોર

પાલનપુર, તા. ૧૯

ગુજરાતભરમાં ક્ષત્રિય ઠાકોર સેના દ્વારા વ્યસનમુક્તિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. થોડાક દિવસ અગાઉ બનાસકાંઠાના ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા વડગામ તાલુકાના સમશેરપુરા ગામમાં જનતા રેડ કરવામાં આવી હતી જે દરમિયાન પોલીસે ક્ષત્રીય ઠાકોર સેનાના ૧૨ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. જેને લઈને આજે અલ્પેશ ઠાકોરે પાલનપુર સર્કિટહાઉસ પહોંચ્યા હતા અને પત્રકારોને સંબોધ્યા હતા.

ક્ષત્રીય ઠાકોરસેના દ્વારા બનાસકાંઠાના વડગામ તાલુકાના સમશેરપુરા ગામમાં જનતા રેડ કરવામાં આવી હતી જે દરમિયાન બુટલેગર સાથે મારપીટના બનાવમાં પોલીસે ક્ષત્રીય ઠાકોર સેનાના ૧૨ કાર્યકરોની અટકાયત કરી હતી. જેને લીને અલ્પેશ ઠાકોરે પાલનપુર સર્કિટ હાઉસ પહોંચ્યા હતા અને પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે વડગામ પોલીસમથકના પી.એસ.આઈ. એ.આર. વાળા બુટલેગરોને છાવરવાનો પ્રયાસ બંધ કરે. તેમજ મંગળવાર સુધીમાં અલ્ટીમેટમ આપતા જણાવ્યું હતું કે મંગળવાર સુધીમાં એ.આર. વાળા સસ્પેન્ડ નહીં થાય તો બુધવારે બનાસકાંઠા બંધનું એલાન આપવામાં આવશે. ત્યાંથી પણ પ્રતિઉત્તર નહી મળે તો ગુજરાત બંધના એલાનની પણ અલ્પેશ ઠાકોરે ચિમકી આપી હતી. આ દરમિયાન અલ્પેશ ઠાકોરે હાર્દિકના જેલમાં ઉપવાસને લઈને પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે હાર્દિકે ગાંધી ચીંધ્યા માર્ગે ચાલવુ જોઈએ તેમજ ઉપવાસ કરવા અને તોડફોડ કરવાથી કંઈ મળવાનું નથી.

# સાબરડેરી દર રવિવારે દૂધ નહી લે એવી અફવાએ પશુપાલકોના જીવ અધ્ધર કર્યા

મોડાસા, તા. ૧૯

સાબરકાંઠા અને અરવલ્લીના પશુપાલકોની જીવાદોરી સમાન સાબરડેરી દર રવિવારે દૂધ નહી લે અને ચાર ગાયોએ એક ભેંસ ફરજીયાત રાખવી એવી અફવાએ છેલ્લા કેટલાક સમયથી બંને જિલ્લામાં જોર પકડતાં પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા પશુપાલકોના જીવ અદ્ધર થઈ ગયા હતા. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની મોટાભાગની પ્રજાનું જીવનધોરણ પશુપાલન સાથે સંકળાયેલું છે ત્યારે દૂધ ન લેવાની



અફવાથી પશુપાલકો અને તેમના પરીવારો જાણે આભ તુટી પડ્યું હોય એવું લાગી રહ્યું હતું. પશુપાલનના વ્યવસાય પર નિર્ભર રહેતા પશુપાલકો દર રવિવારે સાબરડેરી દૂધ નહી લે તો મહિનાના દર રવિવારના આટલા બધા દૂધના પુરવઠાનું શું કરવું? તેમજ મહિનાનું કેટલુ આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવે તેવા વિચારે પશુપાલકોએ પશુપાલનના વ્યવસાયથી મોં ફેરવી લેવાનું મનોમન નક્કી કરી લીધુ હતુ. આ ઉપરાંત ચાર ગાયોએ ફરજીયાત એક ભેંસ રાખવી આવી અફવાથી ગાયોના મોટા તબેલા ધરાવનાર પશુપાલકોમાં પણ ચિંતા પ્રસરી ગઈ હતી. પરંતુ સમગ્ર બાબતની તપાસ કરતાં સાબરડેરીના ચેરમેને સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતુ કે આ માત્ર એક અફવા હોવાનું જણાવી આવી અફવા ફેલાવી સાબરડેરીને બદનામ ન કરવાનું સ્પષ્ટપણે જણાવતાં જિલ્લાના હજારો પશુપાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને આ માત્ર અફવા છે તેવું જાણતાં પશુપાલકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી.

### પાલનપુરની જે.ડી. મોદી કોલેજમાં ઉત્કૃષ્ઠ કામગીરી કરવા બદલ પોલીસકર્મીઓનું સન્માન કરાયું

પાલનપુર, તા. ૧૯

પાલનપુરની જી.ડી. મોદી કોલેજ સંકુલમાં સાયન્સ કોમર્સ વિભાગમાં સેવક તરીકે નોકરી કરતા ખરાડીભાઈનો પુત્ર જગાણા માર્ગ પરની કોન્વેન્ટ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલમાંથી ૨૫ દિવસ અગાઉ ગુમ થઈ ગયો હતો. જે ગુમ બાળકને પાલનપુર તાલુકા પોલીસની ટીમે વિશેષ ઓપરેશન હાથ ધરી સુરત ખાતેથી શોધી લાવી સેવકના પુત્ર જયંતિ ખરાડીને પોતાના પરિવારને સોંપ્યો હતો. પાલનપુર તાલુકા પોલીસની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ જી.ડી. મોદી કોલેજના આચાર્ય યોગેશભાઈ ડબગરે પી.એસ.આઈ. સિંઘવ અને સ્ટાફ સહિત પોલીસ મદદ કરવા હરેશ ચૌધરી અને સાગર જાનીનું સન્માન કર્યુ હતું.

# પ્રાંતિજ જનસેવા પ્રજા માટે શિરદર્દ સમાન બન્યુ

### બે થી ત્રણ કલાક લાઈનમાં ઉભા રહ્યા બાદ નંબર આવે છે : ઓપરેટરોની મનમાની છતાં તંત્ર ગોર નિંદ્રામાં

પ્રાંતિજ, તા. ૧૮

ગુજરાત સરકાર દ્વારા વહીવટમાં પારદર્શકતા લાવવા માટે તેમાંય મહેસુલ ખાતામાં ચાલતી ગેરરીતીઓથી ખેડૂતોને બચાવવા તેમજ વિગત કોમ્પ્યુટરાઈઝ્‌ડ અને સહેલાઈથી પ્રાપ્ત થાય તેવા આશયથી ઈ ધરા કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. પણ હાલ પ્રાંતિજ સેવા સદન ખાતે આવેલ જન સેવા કેન્દ્રમાં કોમ્પ્યુટરાઈઝ નકલ લેવા માટે આવતા પ્રાંતિજ તથા તાલુકાના ખેડૂતોને ઉભા ઉભા લાઈનમાં પગે સોજા આવી જાય છે અને કોમ્પ્યુટર ઓપરેટરો દ્વારા ઉંમરલાયક અરજદારો સાથે પણ તોછડાઈભર્યુ વર્તન કરી તેમની ગરીબાઈ ઉપર હસતા હોય તેવુ લાગી રહ્યું છે.

પ્રાંતિજ તાલુકા સેવા સદન ખાતે આવેલ જનસેવા કેન્દ્રમાં જમીનના ૭/૧૨ અને ૮ અ ના ઉતારા માટે તથા વિવિધ દાખલાઓ લેવા માટે કોમ્પ્યુટર ઓપરેટરોની મનમાનીના કારણે ખેડૂતોને તથા પ્રાંતિજ તથા તાલુકામાંથી આવતી પ્રજાને માટે શરદર્દ બન્યુ છે. અને લોકો દૂર દૂરથી આવતા કામ ન થતાં નિસાસો નાખીને પરત ફરે છે. તો કેટલીક વાર દાખલા કે ઉતારા માટે આવતા લોકો દ્વારા ભાઈ સાહેબ, ભાઈ સાહેબ કહીને જીપ પણ થાકી જાય છે. પણ જન સેવામાં મોજુદ ઓપરેટરો પોતાની મસ્તી માજ રહે છે. અને ઉંમરલાયક લોકોની દયા કર્યા વગર પોતાની મસ્તીમાં રહે છે. ત્યારે પાંચ રૂપિયાના ઉતારાની નકલ લેવા ખેડૂતો દ્વારા તાલુકામાંથી ૫૦ રૂપિયા સુધી ભાડુ ખર્ચીને આવે છે અને જો થોડુ મોડુ થાય અને રીકવેશ કરે તો પણ ગપ્પા મારવાનો સમય હોય છે અને સમય પુરો થઈ ગયો છે તેમ કહીને આગળથી હઠી જાવ તેમ કહી તગડી મુકે છે. અને કાગળ લેવા જવાનુ છે કાગળ ખલાસ છે લેવા જવાનુ છે ખુરશી લેવા જવાનુ છે તેમ ફિલ્મી બાના બતાવ્યા કરે છે. ત્યારે હાલ પ્રાંતિજ તથા તાલુકાની જનતા માટે હાલમાં જનસેવા કેન્દ્ર શરદર્દ બન્યુ છે.

# ડૈયા-મતાલી માર્ગ પરથી જીપમાં લઈ જવાતો ૮૫૦ લીટર દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૧૯

વિજયનગરના મતાલીથી રાજસ્થાનની ડૈયા બોર્ડર બાજુથી બુધવારે રાત્રે ૧.૩૦ વાગ્યે ગુજરાતમાં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટનો ૮૫૦ લીટર દેશી દારૂ ભરેલી સ્પેશીયો જીપ વિજયનગર પોલીસે ઝડપી લઈ રૂ. ૧૭,૦૦૦નો દેશી દારૂ તથા રૂ. ૧,૫૦,૦૦૦ની ગાડી મળી રૂ. ૧,૬૭,૦૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિજયનગર પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી. ઠાકોરના જણાવ્યા અનુસાર ઈડર નાયબ પોલીસ અધિક્ષક તેજલબેન પટેલની સુચનાથી તેમજ રાજસ્થાનના ડૈયા ગામેથી સ્પેશીયો ગાડીમાં દેશી દારૂ મતાલી રસ્તેથી ગુજરાતમાં વેચાણ અર્થે ઘુસાડવામાં આવી રહ્યો હોવાની બાતમી આધારે એ.એસ.આઈ. મગનભાઈ, જવાનસિંહ તથા ભરતભાઈની ટીમે મતાલી ગામે બુધવારે રાત્રે વોચ ગોઠવી હતી. જેમાં ડૈયા બાજુથી સફેદ કલરની સ્પેશીયો ગાડી નં. જીજે.૫.જેએલ.૩૧૮૨ આવતી જણાઈ હતી. જેને ઉભી રાખવાની પોલીસ સ્ટાફે કોશિષ કરતા ગાડીના ચાલક ગાડી ઉભી નહિ રાખતા પોલીસ સ્ટાફે સ્પેશીયો ગાડીનો પીછો કર્યો હતો. જેની કાલવણ ગામ સુધી પીછો કરી કાલવણ ફોરેસ્ટ ચેકપોસ્ટ નાકુ બંધ કરાવતા સ્પેશીયો ચાલક ગાડી મુકી નાસતા પોલીસને જોવા મળતા તે ડૈયા ગામનો લાલાભાઈ રણછોડજી રબારી હોવાનું જ માલુમ પડ્યું હતું. જે અંધારાનો લાભ લી ભાગી છુટ્યો હતો. જે અંગે પોલીસે ગાડીની તપાસ કરતા ગાડીમાંથી વગર પાસ પરમીટનો ૮૫૦ લીટર કિંમત રૂ. ૧૭,૦૦૦ અને સ્પેશીયો ગાડી કિંમત રૂ. ૧,૫૦,૦૦૦ મળી રૂ. ૧,૬૭,૦૦૦નો મુદ્દામાલ ઝડપી લઈ એ.એસ.આઈ. મગનભાઈ લવજીભાઈએ ડૈયા ગામના લાલાભાઈ રણછોડભાઈ રબારી વિરૂદ્ધ વિજયનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાટણના ૧૫ ગામોમાં તળાવો ઉંડા કરવા ૧૦૫ લાખ મંજુર

પાટણ, તા. ૧૯

પાટણ વિધાનસભા મત વિસ્તારના ૧૫ ગામોના તળાવો ઉંડા કરવા સરકાર દ્વારા રૂ. ૧૦૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે. જેથી ગ્રામજનો અને પશુપાલકોમાં આનંદ છવાયો હતો.

પાટણ વિધાનસભા મત વિસ્તારમાં વિકાસની કામગીરીના ભાગરૂપે પાટણ વિધાનસભા મત વિસ્તારના ૧૫ ગામોમાં દરેક ગામ દીઠ રૂ. ૭ લાખની મર્યાદામાં કુલ રૂ. ૧૦૫ લાખના ખર્ચે તળાવો ઉંડા કરવા માટે મંજુર કરવામાં આવ્યા છે. તળાવો ઉંડા કરવાના મંજુર થયેલ ગામોમાં દીગડી, માલપુર, ચંદ્રમણા, મુણંદ, બેપાદર, સંડેર, સુજનીપુર, સાંપ્રા, સલામપાટી, ધારૂસણ, ભુતીયા, વાસણા, જામઠા, ઘચેલી, વાસર, અને કુણઘેરનો સમાવેશ થાય છે. આ તળાવો ઊંડા કરાવવાના કામો મંજુર થતા સંસદીય સચિવ તરફથી આ કામો યુદ્ધના ધોરણે ચાલુ કરવા જણાવ્યુ હતુ. આથી આ તમામ ગામે પશુઓને પીવાના પાણીની તથા ખેડૂતોને સિંચાઈના પાણીની મુશ્કેલી દૂર થશે.